# Follow up on the Video Conference of SAARC Leaders on COVID-19

March 23, 2020

## કોવિડ-19 પર સાર્ક આગેવાનોનાં વિડીયો ફોન્ફરન્સ પરનું અનુસરણ

માર્ચ 23, 2020

1. વડાપ્રધાનની પહેલ પર, 15 માર્ચ 2020 નાં રોજ કોવિડ-19 નો સામનો કરવા બાબત પર સાર્ક આગેવાનોની એક વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી. આ કોન્ફરન્સમાં કોવિડ-19 મહામારીનાં અભૂતપૂર્વ પડકાર સામે સાથે મળીને લડવા માટે સાર્ક પ્રાંતમાં દેશોનાં એકસમાન સંકલ્પનું નિરૂપણ થયું હતું.

2. તમામ સાર્ક દેશોમાં કોવિડ-19 કેસોની સંખ્યા સતત રીતે વધી રહી છે, જે પડકારને સંબોધવા અને તેની અસરોને દૂર કરવા માટે સંપૂર્ણ એકતા સાથે બધાએ કાર્ય કરવા માટેની જરૂરીયાતને વધારે અનિવાર્ય બનાવે છે.

3. વડાપ્રધાન દ્વારા જાહેર કર્યા અનુસાર, ત્યારથી તાત્કાલિક પગલાઓનાં ખર્ચાઓ પહોંચી વળવા માટે ભારતે પ્રારંભિક યુએસ ડોલર 10 મિલિયનની ઑફર સાથે કોવિડ-19 આપાત્તકાલિન ભંડોળનું નિર્માણ કર્યુ છે. આ ભંડોળ કાર્યરત કરવામાં આવ્યું છે અને આ પ્રાંતમાં વ્યક્તિગત દેશોમાં તબીબી પૂરવઠાઓ અને સાધનોની તાત્કાલિક આવશ્યકતાઓ આ ભંડોળથી પૂર્ણ કરવામાં આવી રહી છે. તે પ્રોત્સાહક છે કે, સહકારની ભાવના સાથે, શ્રીલંકા (યુએસ ડોલર 5 મિલિયન), બાંગ્લાદેશ (યુએસ ડોલર 1.5 મિલિયન), નેપાળ (યુએસ ડોલર 1 મિલિયન), અફઘાનિસ્તાન (યુએસડોલર 1 મિલિયન), માલદીવ (યુએસ ડોલર 200,000) અને ભુટાન (યુએસ ડોલર 100,000) નાં યોગદાનો આપવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે જે કોવિડ-19 આપાત્તકાલિન ભંડોળની કુલ રકમને યુએસ ડોલર 18.3 મિલિયન સુધી પહોંચાડે છે. જે સાથે મળીને કાર્ય કરવામાં સહભાગી દેશોની કટિબદ્ધતાની ઉંડાણપૂર્વકની સંયુક્ત ભાવના ખરા અર્થમાં પ્રતિબિંબિત કરે છે.

4. સાર્ક ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર (એસડીએમસી-આઈયુ), ગાંધીનગર દ્વારા સાર્ક દેશોમાં સંયુક્ત ઉપયોગ માટે કોવિડ-19 પર એક વેબસાઈટ (http://www.covid19-sdmc.org) બનાવવામાં આવી છે. આ વેબસાઈટનો ધ્યેય, તમામ સભ્ય દેશોની સક્રિય સહભાગીતા સાથે, પ્રાંતમાં કોવિડ-19 સંબંધિત વિકસતી પરિસ્થિતિ પર માહિતી અને અપડેટ્સનો પ્રચાર કરવાનો, અને સભ્ય દેશોમાં શ્રેષ્ઠ પ્રથાઓનુ અનુસરણ કરવામાં આવે તેવો છે.

5. પ્રવેશ બિંદુઓ પર ચકાસણી, સંપર્કમાં આવેલી વ્યક્તિઓની ભાળ મેળવવી, ક્વોરન્ટાઈન અને આઈસોલેશન સુવિધાઓ વગેરે બાબતનાં ચોક્કસ પ્રોટોકોલ સહિત અત્યાર સુધીમાં કોવિડ-19 નાં ફેલાવાનો પ્રતિકાર કરવાનાં અનુભવોનું આદાન-પ્રદાન કરવા માટે 26 માર્ચ 2020 નાં રોજ સાર્ક દેશોનાં વરિષ્ઠ આરોગ્ય વ્યાવસાયિકોની વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવાનો પણ પ્રસ્તાવ છે. કોન્ફરન્સમાં થનારી ચર્ચાઓમાં આપાત્તકાલિન પ્રતિભાવ ટૂકડીઓ માટે ઓનલાઈન તાલિમ અભ્યાસક્રમો પર વ્યવહારું સંયુક્ત કાર્યવાહી, ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પોર્ટલનું નિર્માણ કરવું, સામાન્ય

સંશોધમ મંચનું નિર્માણ અને દક્ષિણ એશિયન પ્રાંતમાં મહામારીઓનું નિયંત્રણ કરવા પરનાં સંશોધનનાં સંકલનનો સમાવેશ કરવાનો પણ પ્રસ્તાવ છે.

6. ભારતનું માનવું છે કે આ પડકારજનક સમયમાં સ્ત્રોતો, નિપુણતાઓ, શ્રેષ્ઠ પ્રથાઓ અને ક્ષમતાઓનું આદાન-પ્રદાન કરવાથી સાર્ક પ્રાંતમાં દેશો વધારે નજીક આવશે.

**નવી દિલ્હી**
**માર્ચ 23, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.